# ગોમટગિરિ

- આવાગમન................ : રેલ્વે સ્ટેશન : ઈન્દોર - ૧૫ કિ.મી.
  બસ સ્ટેશન : ગંગવાલ બસ સ્ટેશન - ૧૦ કિ.મી.
- નજીકનું મુખ્ય શહેર ....... : ઈન્દોર - ૧૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો......... : બનેડિયાજી - ૩૩ કિ.મી., સિદ્ધવરકૂટ - ૯૦ કિ.મી., મક્સી પાર્શ્વનાથ - ૮૦ કિ.મી., પુષ્પગિરિ - ૮૦ કિ.મી.

ઈંદોર શહેરથી લગભગ ૧૦ કિ.મી. દૂર એરપોર્ટથી આગળ જતાં આ નવુ તીર્થધામ આશરે ૧૨ વર્ષ પહેલા થયું છે. આ તીર્થધામને ગોમટગિરિ કહે છે. ગોમટગિરિ નાનકડી ટેકરી ઉપર છે. છેક ઉપર સુધી રીક્ષા, ગાડી કે બસ જઈ શકે તેવો પાકો રસ્તો કરાવેલ છે. અહીં યાત્રીઓને રહેવા માટે ધર્મશાળા નવી જ બનાવી છે. લગભગ ત્રણ બસના યાત્રિકો રહી શકે તેવી સંપૂર્ણ સગવડતાવાળી ધર્મશાળા અહીં સંકુલમાં જ છે.

ગોમટગિરિના મંદિરોની પ્રતિષ્ઠા વીર સંવત ૨૫૧૨ અને વિક્રમ સંવત ૨૦૪૨ ફાગણ સુદ-૩ના રોજ થયેલી છે. અહીં ફરતી ચારે તરફ ચોવીસ તીર્થંકર ભગવાનના પ્રતિમાજી જુદા-જુદા ચોવીસ રૂમોમાં પદ્માસન મુદ્રામાં બિરાજમાન કરેલા છે. આવા બાર તીર્થંકરોની દેરીઓ પૂરી થયા પછી વચ્ચે ચોકમાં શ્રી બાહુબલીજી ભગવાનની સફેદ આરસની ૨૧ ફીટ ઊંચી ખડ્ગાસન સૌમ્ય-વીતરાગી-ભાવવાહી મૂર્તિ છે. ત્યાર પછી બીજી બાજુ બાકીના બાર તીર્થંકર ભગવાનની બાર દેરીઓના રૂમ આવે છે. તે સિવાય સામેની લોબીમાં ૧૨-૧૨ મુનિઓના ચરણકમળ છે. જેના નામ દરેક દેરી ઉપર લખેલા છે, જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) નેમીચન્દ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી | (૨) આચાર્ય વિદ્યાનંદજી |
| (૩) જિનસેનાચાર્ય | (૪) વીરસેન આચાર્ય |
| (૫) આચાર્ય અકલંકદેવ | (૬) દેવનંદી-પૂજયપાદ આચાર્ય |
| (૭) આચાર્ય સમન્તભદ્ર | (૮) ગૃદ્ધ-પિચ્છાચાર્ય (કુન્દકુન્દદેવ) |
| (૯) આચાર્ય ભૂતબલી | (૧૦) પુષ્પદંતજી |
| (૧૧) શ્રુત કેવળી ભદ્રબાહુજી | (૧૨) શ્રી ગૌતમ ગણધર દેવ |

બીજી તરફ બીજા બાર મુનિઓના ચરણકમળ છે. તેના નામ નીચે મુજબ છે :-

| | |
|---|---|
| (૧) આચાર્ય અજીતસમાગરજી | (૨) આચાર્ય સમન્તભદ્ર |
| (૩) આચાર્ય દેશભુષણજી | (૪) આચાર્ય જ્ઞાનસાગરજી |

| | |
|---|---|
| (૫) ધર્મસાગરજી | (૬) નેમીસાગરજી |
| (૭) ધર્મસાગરજી | (૮) મહાવીરકીર્તિજી |
| (૯) કુન્થુસાગરજી | (૧૦) વીરસાગરજી |
| (૧૧) સૂર્યસાગરજી | (૧૨) શાંતિસાગરજી |

આ સિવાય આચાર્ય શ્રી શાંતિસાગરજીનું શ્યામ આરસનું પદ્માસન મોટું સ્ટેચ્યુ બિરાજમાન કરેલ છે તથા તેમની બાજુમાં આચાર્ય શ્રી કુન્દકુન્દદેવનું પદ્માસન શ્યામ આરસનું સ્ટેચ્યુ બિરાજમાન કરેલ છે. સ્ટેચ્યુની નીચે નીચે મુજબનું વર્ણન લખેલું છે.

| | |
|---|---|
| મુનિ દીક્ષા - ૧૧મા વર્ષે | સમાધિ - ૯૬મા વર્ષે |
| જન્મકાળ - સંવત ૪૯ | જન્મસ્થળ - કુન્દ-કુન્દપુર |
| ગુરુ - ભદ્રબાહુ દ્વિતીય | સમાધિ સ્થળ - પોન્નુરહીલ તાલુકો વન્દેવાસ |

તેમના બનાવેલા ૮૪ પાહુડ હાલ ઉપલબ્ધ છે.

આ અમૂલ્ય મનુષ્યભવમાં સિદ્ધસમાન આત્માની આરાધના કરવા જેવી છે. આ અનિત્ય શરીર ધારણ કર્યું છે તેનો ત્યાગ થવાનો જ છે. આ આત્માની આરાધના પૂર્વક દેહ છૂટે તે મનુષ્યભવની સફળતા છે. આ આત્મતત્વના સંસ્કાર આ ભવમાં ખૂબ ગાઢા થાય તેવો પ્રયત્ન કરવો.

o o o o o

ભૂતકાળનેભૂલીને તારા વર્તમાનને સંભાળ તો તારું ભવિષ્ય મંગળ જ છે. શરીરની ગમે તેવી વ્યાધિ કે ઉપાધિમાં પણ ચૈતન્ય આનંદને રોકવા કોઈ સમર્થ નથી.(૧૯) જ્ઞાનીના જીવનના દરેક પ્રસંગો જ્ઞાન-વૈરાગ્યથી ભરપૂર હોય છે. જ્ઞાનીની વૈરાગ્ય મસ્તી સદા જીવનને જાગૃતિમય રાખે છે. જ્ઞાનીઓ જે કહે તે સમ્યક અને હિતરૂપ જ કહે છે. જ્ઞાનીઓને શરીરની પીડામાં પણ પોતાનો જ્ઞાયકસ્વભાવ જ વેદાય છે.